

(Estd.: 7-12-1925) ।। શ્રી મોઢેશ્વરી પ્રસન્નોસ્તુ ।। Public Trust Regd. No.: A–2636 (MUMBAI)

# શ્રી મોઢ વણિક સેવા સમાજ, મુંબઈ

Regd. Office :
Anamika Society, "Gamanlal Gandhi Hall", M. V. Road,
Below Andheri Metro Station, Andheri (E), Mumbai-400 069.
E-mail: modhvanikandheri@gmail.com • Website: www.modhvanikandheri.com

**MANAGING TRUSTEE**

SHRI KIRIT N. KAPADIA
Mobile : 9821033799

**TRUSTEES**

DR. PANKAJ C. TELIVALA
Mobile : 9820062907

DR. PANKAJ R. PAREKH
Clinic : 23694365

DR. SATISH M. SANJANWALA
Mobile : 9324384557

DR. AJIT M. GANDHI
Mobile : 9821078724

SHRI GOPAL GANDHI
Mobile : 9869469896

SHRI KISHOR B. MASTER (DANGERIA)
Mobile : 9820000897

**MANAGING COMMITTEE**

RAJU M. GANDHI (President)
203, Vishvashanti Apartments,
2nd Flr, J.P.Rd., Seven Bunglow,
Andheri (W), Mumbai-400 053.
Resi.: 2634 1120

JIGNESH S. PAREKH (Vice President)
Mobile : 98210 45719

PREMAL R. PAREKH (Vice President)
Mobile : 93222 10528

NITIN S. LALAJI (Vice President)
Mobile: 98690 22018

PANKAJ K. JHAVERI (Gen.Secretary)
Mobile : 93222 79370

GIRISH B. SHAH [S.E.O.] (Jt. Secretary)
Mobile: 98928 81694

SMT.INDIRA KINARIWALA (Jt. Secretary)
Mobile : 98202 02448

SURESH LOKHANDWALA (Treasurer)
Mobile : 98200 17920

NUTAN SHAH (Jt. Treasurer)
Mobile : 98925 47852

ANIL K. LAVINGIA (Event Coordinator)
Mobile: 98207 15198

K. P. SANJANWALA (Int. Auditor)
Mobile : 93228 68960

**MEMBERS**

| | |
|---|---|
| PARESH B. MAJMUDAR | 98211 55649 |
| SUNIL B. MAJMUDAR | 98210 52855 |
| RAKESH M. GANDHI | 93222 45294 |
| HEMANT P. GANDHI | 98200 51454 |
| JIGESH PARIKH | 98335 73651 |
| NIKUNJ PATEL | 99676 54580 |
| SURESH MUCHHALA | 93242 50850 |
| BHAVESH KAPADIA | 98200 63158 |
| AKSHAY MEHTA | 98201 42412 |
| VIPUL SHETH | 90227 12925 |

Donations are Exempted From
Income Tax vide (U/S 80G)
Registration No. AABTS8359PF20213

તા. ૧૦.૦૭.૨૦૨૪

## વાર્ષિક સામાન્ય સભાની સુચના
## (AGM NOTICE)

સન્માનીય સભ્યો,

સવિનય નિવેદન સાથે આપ સર્વને સૂચિત કરવામાં આવે છે કે સમાજની ૯૯ મી વાર્ષિક સામાન્ય સભા (વર્ષ ૨૦૨૩-૨૪) તા. ૨૮.૦૭.૨૦૨૪ ના રવિવારે સવારે ૧૧.૦૦ કલાકે સમાજની નવી ઓફીસ બી-૧, ગાંધી સદન, ગ્રાઉન્ડ ફ્લોર, પિંકી સિનેમાની બાજુમાં ન્યુ નાગરદાસ રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૬૯ ખાતે યોજવામાં આવી છે. સર્વે સભ્યોને આગ્રહ ભરી વિનંતી સાથે ભાગ લેવા આમંત્રણ છે.

### • કાર્યસૂચિ (Agenda) •

૧. ગત વાર્ષિક સામાન્ય સભા ૨૦૨૨-૨૩ ની મીનિટ્સનું વાચન તેમજ મંજૂર કરી પસાર કરવા બાબત.

૨. સમાજનો વાર્ષિક અહેવાલ અને ઓડીટ થયેલા વાર્ષિક હિસાબ વર્ષ ૨૦૨૩-૨૪ ની રજૂઆત, ચર્ચા અને મંજુરી આપી પસાર કરવા બાબત.

૩. સમાજના બંધારણની કલમ મુજબ વર્ષ ૨૦૨૪-૨૦૨૯ માટે પ્રમુખ, મુખ્ય મંત્રી અને કારોબારી સમિતિના અન્ય સભ્યોની ચૂંટણી - નિમણૂંક કરવા બાબત.

૪. સમાજના બંધારણ મુજબ વર્ષ ૨૦૨૪-૨૦૨૯ માટે ટ્રસ્ટીઓની નિમણૂંક કરવા બાબત.

૫. સમાજના શતાબ્દી વર્ષની ઉજવણી માટે વિચાર વિમર્શ દ્વારા રૂપરેખા તૈયાર કરવા બાબત.

૬. પ્રમુખશ્રી ની મંજુરી થી અન્ય બાબતો રજુ થાય તે પર ચર્ચા કરવા બાબત.

**લિ.**

**શ્રી કિરીટ એન. કાપડીયા**
**(મેનેજીંગ ટ્રસ્ટી)**

**રાજુ એમ. ગાંધી** **(પ્રમુખ)**

**પંકજ કે. જવેરી** **(મુખ્યમંત્રી)**

**તથા સમાજના સર્વે ટ્રસ્ટીઓ, કમિટી મેમ્બરોના જય શ્રીકૃષ્ણ**

**★ સમાજની ઈત્તર પ્રવૃત્તિઓ ★**

વાર્ષિક ઈનામી મેળાવડો, રામનવમી ઉત્સવ, નિ:શુલ્ક / સસ્તા દરે સ્ટેશનરી, પ્રતિમાસ અન્નદાન,
તબીબી તથા આર્થિક સહાય, સ્કોલરશીપ, ઉચ્ચ અભ્યાસ માટે લોન - સ્કોલરશીપ,
આદિવાસી વિસ્તારોમાં સેવા, ધાર્મિક યાત્રા, વિદેશ યાત્રા, જીવન સાથી પરિચય સમારોહ,
સ્વ. શ્રીમતી હસમુખબેન અને સ્વ. શ્રી નટવરલાલ ગાંધી "બાળપુષ્ઠી પાઠશાળા" વિગેરે....

## સામાન્ય સભા સંબંધીત જરૂરી નિયમો અને સૂચના:

૧. કોરમ ના અભાવે મુલત્વી રાખેલ સભા તેજ દિવસે અને તે જ સ્થળે અડધા કલાક બાદ ફરી મળશે અને ઉપરોક્ત કાર્યસૂચિ પ્રમાણે કાર્ય કરશે.

૨. સભ્યોને હાજર રહી સમાજની પ્રવૃત્તિ માટે પોતાના સૂચનો આપવા તેમજ ચૂંટણી સમયે આપનો જરૂરી સાથ, સહકાર અને અમુલ્ય સમય આપવા આગ્રહ ભરી વિનંતી છે.

૩. ઓડીટ થયેલ હિસાબ ૧૮.૦૭.૨૦૨૪ સુધીમાં મુખ્ય મંત્રીનો સંપર્ક કરી જોવા માટે સમાજ ના કાર્યાલયમાં ઉપલબ્ધ રહેશે. હિસાબ અંગેની પૂછપરછ માટે લેખિતમાં તા. ૧૮.૦૭.૨૦૨૪ સુધી પ્રશ્નો મુખ્ય મંત્રીને પહોંચતા કરવા. સામાન્ય સભામાં તેના વિગતે ઉત્તર આપવામાં આવશે. સભ્યોને આ બાબત નોંધ લેવા વિનંતી છે.

૪. આ સભામાં ફક્ત સમાજના સભ્યો જ હાજર રહી શકશે અને હાજર રહેવા ઈચ્છુક સભ્યોએ તા. ૨૨.૦૭.૨૦૨૪ સુધીમાં પોતાના નામ મુખ્ય મંત્રી પાસે લખાવી દેવા.

૫. તા. ૩૧.૦૩.૨૦૨૪ સુધીમાં સભ્ય તરીકે નોંધાયેલ સભ્યોને ઉમેદવારી માટે લાયક ગણવામાં આવશે તેમજ મત આપવાનો અધિકાર રહેશે.

૬. કારોબારી સમિતિ માટેના નામાંકન પત્ર ભરવાની અંતિમ તારીખ ૨૨.૦૭.૨૦૨૪ રહેશે અને અરજીપત્ર સમાજની ઓફીસમાંથી મેળવી લેવા વિનંતી.

૭. લેખિત અરજી આપી ઉમેદવારી પાછી ખેંચાની છેલ્લી તારીખ ૨૫.૦૭.૨૦૨૪ રહેશે.

૮. નામાંકન પત્રોની ચકાસણી તા. ૨૬.૦૭.૨૦૨૪ ના રોજ થશે. જરૂરી સંખ્યા (૧૯) થી વધુ સભ્યોના નામાંકન ભરાયા હશે તો ચૂંટણી સામાન્ય સભા દરમ્યાન - કાર્યસૂચિ ક્રમાંક ૩ પ્રમાણે કરવામાં આવશે અને ઉમેદવારી નોંધાવનાર સભ્યોની યાદી તે દિવસે સભા શરૂ થાય તે પહેલા હોલમાં મૂકવામાં આવશે. કાર્યવાહક સમિતિના જરૂરી સંખ્યા (૧૯) જેટલા જ નામાંકન ભરાયા હશે તો સર્વને બિનહરિફ ચુંટાયેલ સામાન્ય સભા દરમ્યાન પ્રમુખ શ્રી દ્વારા જાહેર કરવામાં આવશે.

૯. દરેક સભ્ય વધુમાં વધુ ૧૯ ઉમેદવાર ને મત આપી શકશે. ચૂંટણીની કાર્યવાહી ની જરૂરી સૂચના, ચૂંટણી કરતા પહેલાં હાજર સભ્યોને મત પત્રક આપતી વખતે આપવામાં આવશે.

૧૦. સમાજના ટ્રસ્ટીની નિમણૂંક સમાજ ના હાલના ધારા ધોરણ મુજબ સામાન્ય સભા દરમ્યાન કાર્યસૂચિ ક્રમાંક ૪ પ્રમાણે કરવામાં આવશે.

૧૧. સભા પુરી થયા પછી અલ્પાહાર ની વ્યવસ્થા રાખેલ છે.

**લિ.**

**શ્રી કિરીટ એન. કાપડીયા**
**(મેનેજીંગ ટ્રસ્ટી)**

**રાજુ એમ. ગાંધી** (પ્રમુખ)    **પંકજ કે. જવેરી** (મુખ્યમંત્રી)

**તથા સમાજના સર્વે ટ્રસ્ટીઓ, કમિટી મેમ્બરોના જય શ્રીકૃષ્ણ**




(Estd.: 7-12-1925)

।। શ્રી મોઢેશ્વરી પ્રસન્નોસ્તુ ।।

Public Trust Regd. No.: A–2636 (MUMBAI)

# શ્રી મોઢ વણિક સેવા સમાજ, મુંબઈ

Regd. Office :
Anamika Society, "Gamanlal Gandhi Hall", M. V. Road,
Below Andheri Metro Station, Andheri (E), Mumbai-400 069.
E-mail: modhvanikandheri@gmail.com • Website: www.modhvanikandheri.com


## • વાર્ષિક અહેવાલ •

વર્ષ ૨૦૨૩-૨૪ માં સમાજ દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓ કરવામાં આવી.

૧. રામનવમી નો હવન વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ૧૦ એપ્રિલ ૨૦૨૪ ના રોજ સમાજના નવા હોલમાં ઉજવવામાં આવ્યા હતા.

હવનમાં મુખ્ય યજમાન તરીકે સમાજના સભ્ય **શ્રી ભાવેશ પારેખ તેના ધર્મપત્ની અ.સૌ. મીરા પારેખ** બીરાજ્યા હતા.

૨. સમાજની મેટ્રિમોની વેબસાઈટ નો પ્રારંભ ૧૦.૦૪.૨૦૨૨ ના રોજ રામનવમીના શુભ દિવસે સાંજે હવન પછી સમાજના પ્રમુખ શ્રી રાજુભાઈ ગાંધીના કરકમલોથી અને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ કાપડીયા ના પ્રમુખ પદે તેમજ સર્વે અન્ય ટ્રસ્ટીઓ તેમજ સમિતિના સભ્યો ની હાજરીમાં કરવામાં આવ્યો હતો જેને સફળ બેવર્ષ પૂર્ણ કર્યા.

૩. આ વર્ષે જરૂરિયાત મંદ સમાજના સભ્યો અને અન્ય પરિવારજનને તબીબી, આર્થિક તેમજ શૈક્ષણીક અને સ્કોલરશીપ સહાય આપવામાં આવી.

૪. શ્રી મોઢ વણિક સેવા સમાજ, મુંબઈ - અંધેરી સંચાલિત **"સ્વ. શ્રીમતી કુસુમબેન મનહરલાલ ગાંધી અને સ્વ. શ્રી મહનરલાલ મગનલાલ ગાંધી, ડૉ. (શ્રી) સતીશકુમાર મનમોહન સંજાણવાલા અને ડૉ. (શ્રીમતી) ચંદ્રિકા સતીશકુમાર સંજાણવાલા તેમજ શ્રી કિરીટભાઈ નટવરલાલ કાપડીયા અને શ્રીમતી દેવિકા કિરીટભાઈ કાપડીયા"** - પ્રાયોજીત **અન્ન સહાય કેન્દ્ર.** હેઠળ જરૂરિયાત મંદ પરિવારોને દર મહિને **રૂા. ૧૫૦૦/-** ની અંદાજીત રકમનું અનાજ દરેક પરિવારને અપાય છે જેમાં (ઘઉંનો લોટ, ચોખા, કઠોળ, દાળ, ગોળ, ઘી, તેલ, સાકર, ચા વગેરેની વહેંચણી કરવામાં આવે છે. આજે **૧૪૫** પરિવાર આ લાભ લઈ રહ્યાં છે.

જે સભ્યોને પોતાના તરફથી પ્રાસંગિક વસ્તુ જરૂરિયાત મંદ પરિવારોને આપવાની ઈચ્છા હોય તેમણે મુખ્યમંત્રી શ્રી પંકજ જવેરી (**93222 79370**) નો સંપર્ક કરવા વિનંતી છે.

અન્ય ઘણા દાતાઓ તરફથી રૂા. ૧૫,૦૦૦/- ના અનુદાન દ્વારા એક પરિવાર ને એક વર્ષ માટે આશ્રીત લેવામાં આવ્યાં છે.

## • સમાજની ઈત્તર પ્રવૃતિ અને સેવા વિષેની સંપૂર્ણ માહિતી •

૧. સમાજના ટ્રસ્ટી અને દાતા એવા **શ્રી કિશોર માસ્તર અને તેમના ધર્મપત્ની શ્રીમતી વિશાખાબેન** ની દિર્ઘ દૃષ્ટિ અને સમાજ સેવા ના વિચારે, આપણા સમાજના બાળકોને ઉચ્ચ અભ્યાસથી નાણાંકીય પ્રનને કારણે વંચિતના રહે એ હેતુથી રૂા. ૧૧,૦૦,૦૦૦ જેવી માતબર રકમનું અનુદાન આપી અભ્યાસ માટે **લોન સ્કોલરશીપ ફંડ** ઉભું કરાયું છે. જે વિદ્યાર્થી કે વિદ્યાર્થીની ને ગ્રેજ્યુએશન પછી પોસ્ટ ડિગ્રીનો અભ્યાસ કરવો હોય તેવા પરિવારના બાળકો સમાજના સભ્ય તરીકે જેમનું નામ હોય તે માતા-પિતાએ સમાજના માનદ્ સેક્રેટરીને રૂબરૂ મળીને આ લાભ લઈ શકે છે. સમાજ દ્વારા દાતા સાથે મળીને નક્કી કરેલા નિયમોને આધીન ૪ વર્ષ સુધી આ લોન સ્કોલરશીપ આપવામાં આવે છે.

અભ્યાસ ક્રમ અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા લેવાતી ફક્ષ અને અન્ય ખર્ચને પહોંચી વળવું ખૂબ મુશ્કેલ થઈ રહ્યું છે ત્યારે આ સેવા સમાજ તરફથી લાભદાયક પુરવાર થશે. સમાજ ના સભ્યોને અને ખાસ કરીને જે યુવાન પોતાના પગ પર ઉભા રહી અભ્યાસ કરવા ઈચ્છે છે તેમને પ્રોત્સાહન આપવાનો આશય સમાજ ધરાવે છે.

વર્ષ ૨૦૨૪-૨૫ માટે અત્યારે અરજી આવકાર્ય છે. લાભ લેવા આગળ આવો અને સમાજની નવી ઓફીસ પર બુધવાર અને શનિવારે સાંજે ૬.૦૦ થી ૭.૩૦ કલાક સુધી માનદ્ મહામંત્રી શ્રી પંકજ જવેરી નો સંપર્ક સાધવા વિનંતી છે.


Donations are Exempted From
Income Tax vide (U/S 80G)
Registration No. AABTS8359PF20213

★ સમાજની ઈત્તર પ્રવૃતિઓ ★
વાર્ષિક ઈનામી મેળાવડો, રામનવમી ઉત્સવ, નિઃશુલ્ક / સસ્તા દરે સ્ટેશનરી, પ્રતિમાસ અન્નદાન,
તબીબી તથા આર્થિક સહાય, સ્કોલરશીપ, ઉચ્ચ અભ્યાસ માટે લોન - સ્કોલરશીપ,
આદિવાસી વિસ્તારોમાં સેવા, ધાર્મિક યાત્રા, વિદેશ યાત્રા, જીવન સાથી પરિચય સમારોહ,
સ્વ. શ્રીમતી હસમુખબેન અને સ્વ. શ્રી નટવરલાલ ગાંધી "બાળપુષ્ઠી પાઠશાળા" વિગેરે....

૨. **શ્રીમતી રાગિણીબેન ભરતભાઈ શેઠ તરફથી સ્વ. શ્રીમતી સુધાબેન શેઠ અને સ્વ. શ્રી ભરતભાઈ શેઠ** ની સ્મૃતિમાં તેમજ **કુ. કલ્પનાબેન કૌશિકભાઈ ગાંધી અને માતુશ્રી શ્રીમતી ઈલાબેન કૌશિકભાઈ ગાંધી** અનુદાન સંમિલીત **"શૈક્ષણિક સહાય ફંડ"** માંથી અભ્યાસ કરી રહેલા સમાજના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે, યોગ્યતા ધરાવતા વિદ્યાર્થીઓએ જરૂરી સૂચના મેળવવા સમાજના મુખ્યમંત્રી શ્રી પંકજભાઈ જવેરીનો સંપર્ક સાધવા વિનંતી છે.

૩. શ્રી મોઢ વણિક સેવા સમાજ સંચાલિત **સ્વ. શ્રીમતી હસમુખબેન અને સ્વ. શ્રી નટવરલાલ ગાંધી પ્રાયોજીત બાળપુષ્ટિ પાઠશાળા:** ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ હોવાથી દૂર દૂર ના સભ્યોના બાળકો પણ લાભ લઈ શકે છે. સર્વ માતાપિતાને વિનંતી કે આપના બાળકોને આ પાઠશાળાનો લાભ લેવામાં મદદ કરો, તેમજ પ્રેરણા આપો.

વધુ વિગત માટે તેમજ **Link** પ્રાપ્ત કરી લાભ લેવા નીચે જણાવેલ સમિતિના સભ્યોનો સંપર્ક કરવા વિનંતી છે.

**૧. શ્રીમતી રશ્મીબેન ગાંધી - 9769455410 ૨. શ્રીમતી પ્રીતીબેન મજમુદાર - 9867009909 ૩. શ્રી નૂતનભાઈ શાહ - 9892547852 ૪. શ્રી હેમંત ગાંધી - 9820051454 ૫. શ્રીમતી ભાવનાબેન શાહ - 9769000710 ૬. શ્રી પરેશ મજમુદાર - 9821155649**

૪. **વૈષ્ણવ સત્સંગ વૃંદ મહિલા મંડળ:** ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ હોવાથી દૂર-દૂર ના સભ્યોના પરિવારની બહેનો ને કે સત્સંગીઓને ઓનલાઈન જોડાવું હોય તો તેમણે **શ્રીમતી રશ્મીબેન ગાંધી - 9769455410** કે **શ્રીમતી પ્રીતીબેન મજમુદાર - 9867009909** પર સંપર્ક કરી **Link** પ્રાપ્ત કરી લાભ લઈ શકે છે.

૫. **મેડીકલ સહાયમાં નૂતન પ્રવૃત્તિ અંતર્ગત - માનવતા વાદી સેવા એટલે... તબીબી સહાય - ઓક્સીજન કોન્સેન્ટ્રેટર સેવા (Medical Assistance - Oxygen Concentrator Machine Service)**

તબીબી સેવા પ્રકલ્પ દ્વારા **ઓક્સીજન કોન્સેન્ટ્રેટર (Oxygen Concentrator)** સેવા, સમાજ તેના અને અન્ય સામાન્ય જરૂરતમંદ લોકોની સેવામાં ન્યાત જાતના ભેદભાવ વગર આ સેવા આપે છે. સભ્યોને વિનંતિ છે કે આપના પરિવાર અથવા અન્ય પરિવારજનને માંદગી દરમ્યાન જો ઓક્સીજન ની જરૂરિયાત હોય તો આ મશીનો ઉપલબ્ધ છે.

૬. **આજીવન સભ્ય Life Member બનવા વિષે : હાલ સમાજના આજીવન સભ્ય બનવા માટેની સભ્ય ફી રૂા. ૩,૦૦૧/- રાખેલ છે. વર્ષ ૨૦૧૨ પહેલા ના જે સભ્યો જેઓએ રૂા. ૨૫૦ થી રૂા. ૧૫૦૦ તે સમય મુજબ ભરી આજીવન સભ્ય બન્યા હતા, તેમણે આજની મોંઘવારી ના હિસાબે આજની ફી મુજબ સાતત્ય (Uniformity) મેળવવાના હેતુ સાથે, આગ્રહ ભરી વિનંતી છે કે, સમાજને મદદ કરવા તફાવતની રકમના ચેક, સભ્યનું નામ, સરનામું, Mobile No., E-mail વિગેરે બાબતો નવા ફેરફારો સાથે ફોર્મ મોકલી આપવા વિનંતી.**

૭. **સમાજને અનુદાન / સહાયક સેવા વિષે** (**Donations / Sponsership / Support to Samaj and its Activity**), ડગલે અને પગલે વધતી મોંઘવારીથી પણ સર્વ માહિતગાર છો. સમાજની પ્રવૃત્તિઓને વિસ્તારવા નાણાંકિય સહાય તો હર હંમેશ જરૂરી બનતી જ હોય છે.

કાર્યવાહક સમિતિ મદદ માટે સમાજના આપ સર્વે ઉદાર દિલ દાતાઓ તરફ નજર દોડાવી ટહેલ કરે છે. આપના કૌટુંબિક પ્રસંગો જેવા કે જન્મદિન, વિવાહ કે લગ્નની ખુશાલી, વાર્ષિક દિન / એનીવર્સરી, કાર્ય સફળતા, યાદગાર ઉપલબ્ધિ વગેરે તેમજ માતા, પિતા, ભાઈ, બહેન જેવા સ્નેહીજનની - સ્નેહાંજલિ / યાદગીરી, નિર્વાણ દિન વગેરે પ્રસંગોએ અનુદાન (**Donations**) આપી સમાજને સહાય રૂપ થઈ શકાય. સમાજને આપેલ અનુદાન આવક વેરા એક્ટ ની કલમ **80-G** હેઠળ રાહતને પાત્ર છે.

૮. સમાજની વેબ સાઈટ સંપૂર્ણ રીતે કાર્યરત છે. તેનો સમાજના સભ્યો વધુ લાભ લે એ ઉદ્દેશ્ય થી વેબસાઈટ પર પોતાની પ્રવૃત્તિઓ, કલા-કૌશલ, કે પોતાના વ્યવસાય નો પ્રચાર તેમજ સમાજ ના સભ્યો ને એકમેકની પ્રવૃત્તિઓથી વાકેફ કરવાની સુવિધા ઉપલબ્ધ છે. આ સુવિધા એક વર્ષના સમય ગાળા માટેની રહેશે તેની વધુ વિગત માટે મુખ્ય મંત્રી શ્રી પંકજ જવેરી નો સંપર્ક કરવા વિનંતી છે.

સમાજની **Website: www.modhvanikandheri.com and E-mail: modhvanikandheri@gmail.com** ના ઉપયોગ કરી કાર્યવાહક સમિતિના સભ્યોનો સંપર્ક કરી શકો છો.

૯. **સમાજના સભ્યોની સંપર્ક (Contact Details) માહિતી અને ડેટા અપડેટ**

જે સભ્યોએ હજી સુધી પોતાના પરિવારની માહિતી ભરવાની અને અપડેટ કરવાની બાકી હોય તેઓ ત્વરીત **Website** પર લોગ-ઈન કરી, ઓનલાઈન સુવિધા નો લાભ લઈ, અપડેટ કરે.

ઈ-મેલ અને મોબાઈલ નંબર નો ઉપયોગ સમાજ દ્વારા આપની સાથે ના સંદેશ વ્યવહાર માટે શરૂ થઈ ગયો છે. તેમજ દરેક પરિપત્રો, સામાન્ય સૂચના તેમજ અન્ય કોઈપણ પ્રકારના સંદેશા વેબસાઈટ પર મુકવામાં આવે છે. સભ્યોના **E-mail id and Mobile** ની માહિતી રજીસ્ટર થયેલ છે તેમને **E-mail** તેમજ મોબાઈલ દ્વારા સંદેશા મોકલવામાં આવે છે. **પોસ્ટ કે કુરિયર સુવિધા હવેથી સદંતર બંધ કરી છે.**

૧૦. આપ સર્વેને જણાવતાં શ્રી મોઢ વણિક સેવા સમાજના સર્વે ટ્રસ્ટીઓ અને કારોબારી સમિતિના સભ્યો ખૂબજ આનંદ અનુભવે છે કે આપનો સમાજ ૦૭-૧૨-૨૦૨૪ ના રોજ **૧૦૦** માં વર્ષમાં પ્રવેશશે અને વર્ષ ૨૦૨૫ ને **શતાબ્દી વર્ષ** તરીકે ઉજવવાનું નક્કી કરેલે છે.

સમાજના વરિષ્ઠ નાગરિકો માટે આ વર્ષ જુની વાતો તાજી કરી, સમાજનું માર્ગદર્શન કરશે. સમાજના બાળકો માટે આજીવન સંભારણું બની રહેશે. સમાજના મધ્યમ વયના ૩૫ થી ૬૦ સુધીના માટે સમાજના ઋણ સ્વીકારવાનો અવસર છે. સમાજના જે સભ્યો પોતાનો ઉત્કર્ષ સાધીને ઉચ્ચ પદે આરુઢ થયા છે તેઓ તરફ સમાજ તન-મન-ધનથી સેવા આપવા માટે હાથ ફેલાવે છે, આવકારે છે અને આવ્હાન કરે છે કે વર્ષ દરમ્યાન આપ દિલ ખોલીને સહકાર આપો. **૨૫ કરોડનું શતાબ્ધી વર્ષ** ફક્કડ ઉભું કરવાનો ઈરાદો છે. તો આવો, શતાબ્દી વર્ષ ઉજવણી માટે પહેલું કદમ ભરીએ અને તે માટે સમાજની **૯૯ મી વાર્ષિક સામાન્ય સભા** તા. ૨૮-૦૭-૨૦૨૪ ના રોજ આવી રહેલો અવસર કેમ ચુકાય ?

આપ સર્વેને હાર્દિક આમંત્રણ છે. વિચારોનું આદાન પ્રદાન દ્વારા ઉજવણીની રૂપરેખા તૈયાર કરવામાં આપનું અમુલ્ય યોગદાન આપવા પધારો.

વધુ માહિતી કે અન્ય પ્રકારની સહાય માટે કાર્યકારી સમિતિના સભ્યો કે ટ્રસ્ટીઓનો સંપર્ક કરવા વિનંતી છે.

**લિ.**

**શ્રી કિરીટ એન. કાપડીયા**
**(મેનેજીંગ ટ્રસ્ટી)**

**રાજુ એમ. ગાંધી**
**(પ્રમુખ)**

**પંકજ કે. જવેરી**
**(મુખ્યમંત્રી)**

**તથા સમાજના સર્વે ટ્રસ્ટીઓ, કમિટી મેમ્બરોના જય શ્રીકૃષ્ણ**

# સમાજના કાર્યક્રમોની પ્રસંગોપાત લાક્ષણિક તસવીરો

## નર્મદા જિલ્લાના દેડિયાપાડા









## વલસાડની કન્યાશાળામાં ભણતર ઉપયોગી વસ્તુઓનું વિતરણ






## ઉમરગામની એમ.એમ.હાઈસ્કૂલ ભણતર ઉપયોગી વસ્તુઓનું વિતરણ





## અન્નદાન પ્રવૃત્તિ - ૨૦૨૪






